ગાંધીનગર સમાચાર
તા. ૪-૨-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

પૂર્વોત્તરની વિદ્યાર્થી આલમ અસલામતી ન અનુભવે તે જરૂરી

અરુણાચલ પ્રદેશના ધારાસભ્યના પુત્રના કરુણ મૃત્યુનો કિસ્સો આંખ ઉઘાડનારો છે. તરુણ વયનો વિદ્યાર્થી દિલ્હી આવ્યો હશે ત્યારે એને કે એનાં માતાપિતાને સ્વપ્ને પણ કલ્પના નહીં હોય કે દિલ્હીમાં એનું મોત પોકારી રહ્યું હશે. દિલ્હી દેશની રાજધાની છે અને દેશના ખૂણે ખૂણેથી પ્રવાસીઓ રાજધાનીની મુલાકાતે આવતા રહે છે. અરુણાચલ ઉત્તરપૂર્વનું ઈશાન ખૂણે આવેલું છેલ્લું રાજ્ય છે. મૂળ આસામના સાત ટુકડા થયા તે પૈકી આ છેવાડા મુલક પર તો પાડોશી રાષ્ટ્ર ચીનનો પણ ડોળો શરૂઆતથી જ મંડાયેલો રહ્યો છે. ચીન અવારનવાર અહીં ઘૂસણખોરી કરતું રહ્યું છે અને છેલ્લે છેલ્લે તો ખુદ ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના અરુણાચલ પ્રવાસનો પણ વિરોધ કરવાની ગુસ્તાખી કરી ચૂક્યું છે. અરુણાચલ પ્રદેશને ચીન પોતાનો ભાગ ગણતું હોઈ અહીં રહેતા નાગરિકોને ચીન જવા માટે વિઝા પણ લેવા પડતા નથી, સાદા સ્ટેપલ વિઝા અથવા પરમિટથી પ્રવેશ અપાય છે. ભારત સરકાર માટે આ ભારે શિરોદર્દ સમી બાબત છે, જેનો ઉકેલ આણવા માટેના અત્યાર સુધીના રાજદ્વારી ઉપાયો નિષ્ફળ રહ્યા છે. સ્વાભાવિક રીતે જ આવા કહેવાતા વિવાદાસ્પદ પ્રદેશનો નાગરિકો ભારત તરફથી વિશેષ સંવેદનશીલ અને સ્નેહ તથા ઉષ્માસભર વ્યવહારની અપેક્ષા રાખે. દિલ્હીના વેપારી સાથે કાચી વયના અરુણાચલવાસી તરુણને ઝઘડો કરવાનું કોઈ કારણ નહોતું. પરંતુ એના શાહુડી જેવા વાળ જોઈને દિલ્હીનિવાસી વેપારી- દુકાનદારે એની મજાક ઉડાવી એથી એનું સ્વમાન ઘવાયું. ઉશ્કેરાઈને એણે કાઉન્ટર પર મુક્કો માર્યો જેથી કાચ તૂટી ગયો. એ વખતે જો દુકાનદાર ગમ ખાઈ ગયો હોત તો ગમખ્વાર ઘટના ન જ બની હોત. કમનસીબે એ સમયે દુકાનદારે એના મળતિયાઓ સાથે મળી બિચારા ગરીબડા અરુણાચલીને ઝૂડી નાખ્યો. શારીરિક રીતે નિર્બળ એવો નેડો દિલ્હીના હટ્ટાકટ્ટા દુકાનદારોના મારથી અધમૂઓ થઈ ગયો. આખરે ઓલ ઈન્ડિયા મેડિકલ ઈન્સ્ટિટ્યૂટમાં દાખલ કર્યા છતાં એને બચાવી ન શકાયો. એક ઉત્તરપૂર્વના છાત્રની દારુણ હત્યાથી વાતાવરણમાં તંગદિલી પ્રવર્તે તે સ્વાભાવિક જ હતું. એને જાનથી મારી નાખવાનો કોઈનો ઈરાદો ન જ હોય, પરંતુ ઘટનાક્રમ જે રીતે બન્યો એથી મામલો બીચક્યો છે. પૂર્વોત્તરના વિદ્યાર્થીઓએ મૃતક નેડોની સહાનુભૂતિમાં દેખાવો યોજયો છે અને ગુનેગારોને સજા કરાવવાની માગણી કરી છે. ખુદ અરુણાચલની સરકારે પણ ગૃહમંત્રી શિંદે સમક્ષ આ મુદ્દે ન્યાય મળે અને નેડોના હત્યારાઓને કડકમાં કડક બોધપાઠ મળે એ સબબ રજૂઆત કરી છે. હત્યા અલબત્ત પૂર્વ આયોજિત કાવતરાના પરિણામ જેવી નથી, પરંતુ બિન ઈરાદાસર થયેલ હત્યાનો ગુનો તો બન્યો જ છે. આ મુદ્દે પૂર્વોત્તરના દિલ્હીમાં રહેતા નાગરિકોએ દિલ્હીના મુખ્યમંત્રીશ્રી અરવિંદ કેજરીવાલની મુલાકાત લઈને એમના એક લાડકવાયાના મોત માટે જવાબદાર લોકોને સજા અપાવવા યોગ્ય પગલાં લેવા જણાવ્યું છે. આ મુદ્દે દિલ્હી પોલીસ કમિશ્નરે પણ ગંભીર વલણ અપનાવ્યું છે. એમણે ઘટનાની તપાસ કરવા હુકમ કર્યો છે અને કેટલીક ધરપકડો પણ કરી છે. અરવિંદ કેજરીવાલે પૂર્વોત્તરના આગેવાનોની રજૂઆત સાંભળી પોતે આખો મામલો દિલ્હીના ઉપરાજયપાલ સમક્ષ રજૂ કરી મૃતક નેડોને ન્યાય અપાવવા ઘટતાં પગલાં લેવાની હૈયા ધારણ આપી હતી. આ કિસ્સો સવિશેષ સંવેદનશીલ એટલા કારણસર બની રહે છે કે અરુણાચલ જેવા છેવાડા પર્વતીય પ્રદેશની પ્રજામાં ભૂલથી પણ એવો સંદેશ ન જવો જોઈએ કે દેશની રાજધાનીમાં પોતાનાં સંતાનો સલામત નથી. દિલ્હી આજે વિશ્વકક્ષાનું મહાનગર બની ગયું છે. અહીં દેશના દૂરવર્તી વિસ્તારોમાંથી વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણ અર્થે આવે છે, કારણ કે દિલ્હીમાં શ્રેષ્ઠ વિદ્યા સંસ્થાઓ ફાલીફૂલી છે. આવા એકાદ કમનસીબ બનાવને પગલે અન્ય રાજયોના છાત્રોમાં અસલામતીની લાગણી ફેલાય તે લાંબાગાળે રાષ્ટ્ર વિરોધી ચળવળોમાં પરિણમી શકે. તેથી પાણી પહેલાં પાળ બાંધવી જરૂરી છે. આમ પણ પૂર્વોત્તર પ્રદેશોની પ્રજા પોતાને હિંદુસ્તાનથી કપાયેલી- અલગથલગ પડી ગયેલી અનુભવે છે અને હિંદી બેલ્ટના પૂર્વોત્તરમાં વસતા નાગરિકો પ્રત્યે વૈમનસ્ય પણ રાખે છે. આસામ સિવાયનાં પૂર્વોત્તરનાં રાજયોમાં પ્રવેશવા માટે ખાસ ઈનર પરમિટ લેવી પડે છે. જ્યારે આવી સંવેદનશીલ પરિસ્થિતિ પ્રવર્તી રહી હોય ત્યારે નેડો સાથે બનેલ દુર્ઘટના જેવી એકાદ બાબત દેશની એકતામાં ઉંબાડિયું બની શકે અને પાડોશી રાષ્ટ્રોને એના મલિન ઈરાદા પાર પાડવાની ભૂમિકા પૂરી પાડી શકે, તે ન ભૂલવું જોઈએ.

શિક્ષણ યાત્રા આજે ગાંધીનગર આવશે

ગુણવત્તાલક્ષી શિક્ષણના મહા અભિયાનમાં જનજાગૃતિ લાવવાના હેતુથી આવેલી યાત્રાનું બાઈક રેલી દ્વારા સ્વાગત કરાશે

ગાંધીનગર, તા. ૩

અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે રાષ્ટ્રવ્યાપી અભિયાનના ભાગરૂપે ૨ ફેબ્રુઆરીથી સમગ્ર દેશમાં શિક્ષાયાત્રાનું આયોજન કરેલ છે. આ યાત્રા સોમનાથ, રામેશ્વર અને જગન્નાથપુરી એમ દેશના ત્રણ અલગ અલગ સ્થળેથી નીકળીને દેશના વિવિધ ભાગોમાં ફરી રહી છે. આવતીકાલે ૪.૩૦ કલાકે આ શિક્ષણયાત્રા ગાંધીનગર મુકામે આવી રહી છે. આ યાત્રાનું ગ-૩ સર્કલથી સે. ૧૨ના ઉમાભવન સુધી બાઈકરેલી દ્વારા સ્વાગત કરાશે.

અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘના અધ્યક્ષ રામપાલસિંહ અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષકસંઘના પ્રમુખ ચંદુલાલ જોષી ગુજરાતના સોમનાથથી નીકળેલી શિક્ષણયાત્રાની આગેવાની કરી રહ્યા છે. આ શિક્ષણ યાત્રાના ગાંધીનગર જિલ્લામાં ભ્રમણ દરમ્યાન રેલીઓ અને સભાઓ દ્વારા સ્વાગત કરવામાં આવશે. ગાંધીનગરમાં શિક્ષણયાત્રાના આગમન સમયે રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સંબોધશે.

આ શિક્ષણયાત્રાની માણસાની મુલાકાત દરમ્યાન પ્રાથમિક શિક્ષણ સચિવ ઉપસ્થિત રહેશે. યાત્રા દહેગામ થઈ પ્રાંતિજ તરફ જવા રવાના થશે. યાત્રાના રૂટમાં આવતા તમામ તાલુકા સંઘોએ ખૂબ જહેમત ઉઠાવીને ગુણવત્તાલક્ષી શિક્ષણના મહા અભિયાનમાં જનજાગૃતિ લાવવા પ્રયત્નો હાથ ધર્યા છે. માણસા તાલુકામાં આ યાત્રા પમી ફેબ્રુઆરીએ સવારે ૯ વાગે પ્રવેશશે તે દરમ્યાન બાલવા ચોકડીથી માણસા ઉમિયા વાડી સુધી બાઈકરેલી યોજી યાત્રાનું સ્વાગત કરવામાં આવનાર છે. આ યાત્રાનું તમામ શિક્ષકો, બીઆરસી કોઓર્ડિનેટર્સ અને સીઆરસી કોઓર્ડિનેટર્સ દ્વારા ભવ્ય સ્વાગત કરવા ભારે જહેમત ઉઠાવાઈ રહી છે.

હરિની દૃષ્ટિ...

બહેન સાચું કહું, હાથે બનાવવાનો ટાઈમ જ ક્યાં છે...!!

દક્ષિણ વિભાગ રમતોત્સવ ૧૪માં ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓએ ગોલ્ડ મેડલ મેળવ્યા

૫૪ પોઈન્ટથી ચેમ્પિયન, ૮૪ પોઈન્ટથી જનરલ ચેમ્પિયનનું બિરુદ મેળવ્યું

ગાંધીનગર, તા.૩

ગુજરાત યુનિવર્સિટી દક્ષિણ વિભાગ દ્વારા ખેલકુદ રમતોત્સવ ૧૪ આર્ટસ કોલેજ પાવી જેતપુર ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ચૌધરી મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીઓએ વિવિધ સ્પર્ધમાં ગોલ્ડ મેડલ મેળવ્યા હતા.

સે-૭ની ચૌધરી મહિલા કોલેજની વિદ્યાર્થીનીએ યુનિવર્સિટી વિભાગ દ્વારા યોજવામાં આવેલ ખેલકુદ રમતોત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધા ગુજરાત યુનિવર્સિટી સિન્ડર ટ્રેક પર પાવી-જેતપુરની કોલેજ ખાતે યોજવામાં આવ્યો હતો.

રમતોત્સવમાં લાંબી કુદ, લંગડી ફાળ કુદ, ૪x૧૦૦ રીલે જવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની ગીતા પટેલે લાંબી કુદ, ઊંચી કુદ, લંગડી, ફાળકુદ અને ૪x૧૦૦ રીલેદોડમાં ગોલ્ડ મેડલ અને આશા ચૌધરીએ ૧૦૦મી., ૨૦૦મી., ૪૦૦મી., ૧૦૦મી. વિઘ્ન દોડ અને ૪x૧૦૦ રીલે દોડમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. અને સીતા ચારેલ એ ૧૫૦૦મી., ૩૦૦૦મી., ૫૦૦૦મી. દોડમાં સિલ્વર મેડલ અને દક્ષા પંચાલે ૪x૧૦૦ રીલે દોડમાં ગોલ્ડ મેડલ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે.

રમતોત્સવમાં કોલેજની વિદ્યાર્થીની આશા ચૌધરીને બેસ્ટ વિમેન એથ્લેટસ એવોર્ડ આપવામાં આવ્યો હતો તેમજ વર્ષ ૧૩-૧૪ની એથ્લેટિકસ ચેમ્પિયન ટ્રોફી ૫૪ પોઈન્ટ સાથે જીતી લીધી હતી. કોલેજ વર્ષ દરમિયાન યોજાયેલ વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ ૮૪ પોઈન્ટ મેળવીને જનરલ ચેમ્પિયનનું બિરુદ મેળવ્યું છે. સિદ્ધિઓ બદલ કોલેજ પરિવાર દ્વારા વિજેતા વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા છે.

પી.એચ.ડી.ની પદવી મેળવી

ગાંધીનગર, તા.૩

એસ.ડી. આર્ટસ એન્ડ બી.આર. કોમર્સ કોલેજ માણસા ખાતેના અંગ્રેજીના પ્રાધ્યાપક બી.એમ. વાઘેલાએ 'ધ મેટીક સ્ટડીશ ઓફ ચેતન ભગત નોવેલ' વિષય પર સંશોધન કરતા તેને રાજસ્થાન યુનિવર્સિટીએ માન્ય રાખતા પી.એચ.ડી.ની પદવી એનાયત કરી છે. ડૉ. દિપ્તી મહેતાની રાહબરી હેઠળ મહાનિબંધ તૈયાર કર્યો હતો.

ગાંધીનગર ખાતે પમી અને ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ ૧૦૦થી વધુ ઈનોવેટીવ શિક્ષકોનો વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગુજરાતમાં -થમિક શિક્ષણ ક્ષેત્રે શિક્ષણની ગુણવત્તાનું સ્તર વધુ ઉત્કૃષ્ટ બને તે માટે રાજય સરકારે મક્કમ નિર્ધાર કરી અનેકવિધ પગલાં લીધાં છે. જેના ભાગરૂપે આગામી તા. પમી અને ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર ખાતે ઈનોવેટીવ કાર્ય કરનાર -થમિક શિક્ષકો માટે રાજયકક્ષાનો વર્કશોપ યોજાનાર છે. જેમાં ૧૦૦થી વધુ શિક્ષકો/શિક્ષિકાઓ નવતર -યોગો રજૂ કરશે, એમ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદની યાદીમાં જણાવાયું છે.

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ધ ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ અને રવિ મથ્થાઈ સેન્ટર ફોર એજ્યુકેશનલ ઈનોવેશનના સંયુકત ઉપક્રમે યોજાનાર આ રાજયકક્ષાના વર્કશોપમાં રાજયકક્ષાના -થમિક શિક્ષણ મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી ખાસ ઉપસ્થિત રહી ે-રક માર્ગદર્શન આપશે.

રાજયમાં -થમિક શિક્ષણ ક્ષેત્રમાં નવતર -યોગો કરવા માટે શિક્ષકોને મુક્ત અને અનુકુળ વાતાવરણ મળી રહે અને વધુને વધુ શિક્ષકો નવતર -યોગો કરવા માટે ે-ત્સાહિત થાય તે હેતુથી આ કાર્યક્રમ શરૂ કરાયો છે. આ કાર્યક્રમમાં મદદરૂપ થવા માટે દરેક જિલ્લાના શિક્ષણ અને તાલીમ ભવન(DIET)માં ડિસ્ટ્રીકટ ઈનોવેશન સેલ **(DIC)**ની રચના કરવામાં આવી છે. આ ે-જેકટ અંતર્ગત છેલ્લા એક વર્ષમાં રાજયની -થમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકો / શિક્ષિકાઓ / સંચાલકો દ્વારા હાથ ધરાયેલ નવતર -યોગોના કારણે બાળકોના અભ્યાસની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે તેનું દસ્તાવેજીકરણ પણ કરાયું છે.

બે દિવસ ચાલનારા આ વર્કશોપમાં નવતર કાર્યોમાંથી ઓળખી કાઢવામાં આવેલા ૧૦૦ જેટલા શિક્ષકો/ બ્લોક અને કલસ્ટર રિસોર્સ કો-ઓર્ડીનેટરો ઉપસ્થિત રહી ે-ઝન્ટેશન રજૂ કરશે. આ તમામ નવતર -યોગોને વેબસાઈટ પર મુકાશે. આ સમગ્ર કાર્યક્રમને રાજયભરમાં અદભૂત -તિસાદ સાંપડયો છે. જેમાં છ હજારથી વધુ નવતર -યોગોનું સબમીશન થયેલું છે.

'સ્વચ્છ પરિસર અભિયાન' હાથ ધર્યું

ગાંધીનગર, તા.૩

સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે ગાંધી નિર્વાણ દિન નિમિત્તે કોલેજના કેમ્પસમાં સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' ભજનનું સમૂહ ગાન કર્યું હતું અને તમામ સ્ટાફના સભ્યોએ દર મહિને સફાઈ ઝુંબેશ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેમજ ગાંધી બાપુને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

રતનપુર પ્રા. શાળામાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩

તાલુકાના રતનપુર ગામ ખાતે શાળાના પટાંગણમાં ૬પમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ગામના ડેપ્યુટી સરપંચ મહેશજી ઠાકોરના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

૬પમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી રતનપુર ગામમાં પ્રાથમિક શાળાના પટાંગણમાં ધ્વજ વંદન કાર્યક્રમ કરીને કરાઈ હતી. કાર્યક્રમમાં શાળાના ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં ડેપ્યુટી સરપંચના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. ત્યાર બાદ શાળાના વિદ્યાર્થીઓએ મહાનુભાવોની હાજરીમાં સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા જેમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પંચાયતના સભ્ય કરણસિંહ બિહોલા દ્વારા ઈનામ આપવામાં આવ્યા હતા.

ઈન્ફોસિટી સ્કૂલમાં ક્વીઝ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૩

દેશભરમાં ૨૫ જાન્યુઆરીએ રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે મનાવવામાં આવે છે. જે અંતર્ગત શહેરની ઈન્ફોસિટી સ્કૂલમાં ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ઈન્ફોસિટી સ્કૂલમાં ગઈ ૧ ફેબ્રુઆરી શનિવારના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસ અને મતદાતા જાગૃતિ વિષય પર ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લોકશાહી અંતર્ગત વિદ્યાર્થીઓને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

સ્પર્ધામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ધોરણ ૬, ૭ અને ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ મતદાન વિશેની વિસ્તૃત સમજ મેળવી હતી. સ્પર્ધાનું સુકાન નેહાબેન, પ્રવિણાબેન, દિપ્તીબેન દ્વારા કરવામાં આવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

ગાંધીનગરના કલા શિક્ષકને રીજનલ ઈન્સેન્ટીવ એવોર્ડ મળ્યો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના વતની અને હાલમાં કેન્દ્રિય વિદ્યાલય દીવ ખાતે કાર્યકારી પ્રાચાર્યનું પદ સંભાળતા નવિનચંદ્ર કાન્તિલાલ અમીનને કલા શિક્ષકોમાં શ્રેષ્ઠ શિક્ષક તરીકે 'રીજનલ ઈન્સેન્ટીવ એવોર્ડ' પ્રાપ્ત થયેલ છે. આ એવોર્ડ તેમને કેન્દ્રિય વિદ્યાલય સંગઠન દ્વારા આપવામાં આવેલ છે.

કલા શિક્ષક નવિનચંદ્ર અમીનને એનઆઈઓએસના રીજનલ ડાયરેકટર રાજેશકુમાર અને કેન્દ્રિય વિદ્યાલય સંગઠનના અમદાવાદ ક્ષેત્રના ડેપ્યુટી કમિશનર દેવકુમારની ઉપસ્થિતિમાં શ્રેષ્ઠ શિક્ષક તરીકે 'રીજનલ ઈન્સેન્ટીવ એવોર્ડ' દ્વારા સન્માનવામાં આવ્યા હતા. કલા શિક્ષક નવિનચંદ્રએ ૧૯૯૮-૯૯માં કાર્ટુનીસ્ટ તરીકે ગાંધીનગર સમાચારથી કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમણે ડીપ્લોમા એન્જીનીયરીંગ બાદ ફાઈન આર્ટસનો અભ્યાસ કર્યો હતો. તેમના દ્વારા પ્રશિક્ષિત બાળકો અનેક હરિફાઈઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ચૂકયા છે તેમજ હાલ આર્કીટેકચર અને ફાઈન આર્ટસ જેવી સંસ્થાઓમાં અભ્યાસ કરે છે. નવિનચંદ્ર દ્વારા પ્રકાશિત કરાયેલ ધોરણ ૧ થી ૮ માટે ગુજરાતી માધ્યમની રોયલ ચિત્રકલા હાલ સૌરાષ્ટ્રની ઘણી શાળાઓમાં પાઠયક્રમમાં શામેલ છે.

ખાનગી ટયુશન કલાસીસના સમય અને પાર્કિંગ વ્યવસ્થા બાબતે કોર્પોરેટરની ચિંતા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સેકટરોમાં રહેણાંકના મકાનોમાં ચાલતા પ્રાઈવેટ ટયુશ કલાસીસ અને તેમાં ભણતા વિદ્યાર્થીઓ દ્વારા રોડસાઈડ પર કરતા આડેધડ પાર્કિંગ સામે વોર્ડ નં.૫ના મહિલા કોર્પોરેટર પ્રવિણાબેન દરજીએ મનપાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનને પત્ર લખી નિયંત્રણ લાવવા અનુરોધ કર્યો છે.

આ પત્રમાં તેમણે ઘ-૬ સર્કલથી ક-૬ સુધીના કોલવડા રોડ પર આવેલા સેકટરોના મેઈન રોડની બંને બાજુએ ખાનગી ટયુશન કલાસીસના કારણે સામાન્ય રહીશોને પડતી મુશ્કેલીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા કરાતા આડેધડ પાર્કિંગના કારણે છાશવારે બનતા નાના મોટા અકસ્માતના બનાવોનો ઉલ્લેખ કરી કાર્યવાહી કરવા વિનંતી કરી છે. તેમણે આ ખાનગી ટયુશનો પરોઢના ૬ વાગ્યાથી મોડી રાત્રિના ૧૧ વાગ્યા સુધી ચાલતા હોઈ દિલ્હી જેવા બનાવ બની શકવાની ભીતિ વ્યકત કરી છે.

જમાનો કરવટ બદલી રહ્યો છે... વડીલો વલોપાત છોડી સ્વમાનભેર જીવતાં શીખી લે...

સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

ઘણીવાર સમાચાર પત્રોમાં જાહે ર ચેતવણી છપાય છે. દીકરો કે દીકરીના માતા-પિતા જાતે જ પોતાના દીકરા-દીકરી સાથે સંબંધ તોડી નાખવાની કે મિલકતોમાંથી ફારેગ કરવાની જાહેરાતો કરાય છે આની પાછળ મોટેભાગે પોતાના સંતાનોએ તેમની પસંદગીના પણ પરજ્ઞાતિના પાત્ર સાથે લવમેરેજ કર્યાની જ હકીકતો હોય છે. આમાં ક્યાંક વડીલોનો બળાપો યોગ્ય હોય છતાં હકીકતમાં કોઈ જ ફેર પડતો નથી. સંતાનો જરૂર પડે ઘરનો ત્યાગ કરીને પણ પોતાની પસંદગીના પાત્ર સાથે લગ્ન કરે છે જ. તો પ્રશ્ન એ છે કે વડીલોએ શા માટે વ્યથા વલોપાત કરી કુટુંબમાં કલેશ થાય તેવું વાતાવરણ પેદા કરવું જોઈએ? અને પોતે પણ દુઃખી થવું જોઈએ? સૌને પોતાના ભાગ્ય પર છોડી વડીલોએ પાછલી જિંદગીમાં નચિંત બની જીવન પસાર ન કરી શકાય?

તાજેતરમાં બનેલી બે ઘટનાઓ સમાજ માટે ચિંતન કરાવે તેવી છે ક્યારેક સંતાનો બ્રાહ્ય સૌંદર્ય તો ક્યારેક સમૃદ્ધિને મહત્વ આપતા હોય છે કાશ્મીરના આર્મી ઓફિસરની દીકરી સુનંદા પુષ્કરે કોલેજ કાળમાં જ પોતાના બોયફ્રેન્ડ સાથે લવમેરેજ કરી દીધા પરીવારે દીકરીની પસંદગીને કદાચ કચવાતા મને પણ મંજૂરી આપી હશે. પણ યુવાનીના ઉન્માદમાં લેવાયેલો આ નિર્ણય બે જ વર્ષમાં ખોટો સાબિત થયો અને સુનંદાએ તેનાથી છુટાછેડા લઈ પતિના મિત્ર સાથે લવ મેરેજ કરી દીધા આને પણ પરિવારે સંમતિ આપી પણ આ લગ્ન પણ સાત વર્ષ ચાલ્યા.. ફરી પાછું ભંગાણ... અને તે શશી થરૂરના સંપર્કમાં આવી તેની સમૃદ્ધિથી અંજાઈ થરૂર સાથે તેણે ત્રીજા લગ્ન કર્યા પણ ચાર જ વર્ષમાં તેનું રહસ્યમય મોત થયું. આ મોતનો ભેદ હજુ સંપૂર્ણ ઉકેલાયો નથી પણ પોતાના પતિના બીજી યુવતી સાથેના સંબંધ સામે તેને વાંધો હતો આવી ચર્ચા લોક મુખે ચર્ચાય છે. સુનંદા ત્રણ ત્રણ લવ મેરેજને પરીવારે કદાચ સંમતિ આપી હોય છતાં અંજામ સૌની સામે છે. પોતાની પસંદગીના ત્રણ લગ્નો બાદ પણ દામ્પત્ય સુખ ન મેળવી શકનાર યુવતિનો નિર્ણય વ્યાજબી હતો તેમ કહી શકાય? બીજો પ્રસંગ 'નય બલિયે'ની શાનદાર જોડી વિનોદ અને રક્ષાના લવ મેરેજનો છે. આ લવ મેરેજ સામે રક્ષાના પરિવારનો સખત વિરોધ હતો કારણ કે વિનોદ બંને પગે વિકલાંગ હતો છતાં તેનું નૃત્ય જોઈ સૌ દંગ રહી જતા. રક્ષાએ વિનોદના આ ભીતરી સૌંદર્યને પારખી લીધું, તેણે બહારના દેખાવની જરાય પરવા ન કરી. બંનેના લવ મેરેજ ટીવી પર નીરખનારની આંખો ભીંજાઈ.... 'આનું નામ સાચો પ્રેમ' જે બ્રાહ્ય ઝાકમઝોળથી અંજાયા વગર ભીતરનું સૌંદર્ય નીરખવાની દૃષ્ટી કેળવી શકે તેનો જીવનસાથી પસંદગીનો નિર્ણય ક્યારેય ખોટો હોતો નથી. આવા સંબંધોને કુદરત પણ તોડી શકતી નથી વર્તમાન સમયમાં વડીલો પોતાના સંતાનોને લાગણીની દુહાઈ આપી પોતાનું મન માન્યુ નહીં કરાવી શકે આ સત્ય તેમણે સમજી લેવું પડશે. દરેકને પોતાની વિચારધારા હોય છે. સંતાનો પોતાના નિર્ણયમાં કદાચ ભૂલ કરી બેસે તો તેની ટીકા કરવાને બદલે થયેલ ભુલમાં કઈ રીતે સુધારો થઈ શકે તેના જ પ્રયત્નો કરવા જોઈએ. પણ તેમના પર હુકમો લાદી શકાય નહીં અને આવા હુકમો ક્યાંય ચાલતા નથી આ વાસ્તવિકતા છે. વડીલોની પ્રત્યેક વિચારધારા યુવાનો માટે એક્સપાયર ડેટ જ ગણાય છે આ કડવી વાસ્તવિકતા છે. એ વડીલોએ સમજી લેવું પડશે. આજનું યૌવન પોતાની કેડી જાતે જ કંડારવા માગતું હોય તો એના માર્ગમાં અંતરાય રૂપ બનવા કોશિશ ન કરશો. આને પ્રતિષ્ઠા કે મમતનો પ્રશ્ન બનાવ્યા વગર તેની પસંદગી વધાવી લો. ઠોકરોથી જ માનવીનું ઘડતર થાય છે. તમારો કકડાટ ઉલટાનો કુટુંબ કલેશ વધારશે.

પ્રાથમિક સ્કૂલમાં શિક્ષક/શિક્ષિકાની નોકરી કરતા એક દંપતિને એક માત્ર દીકરી હતી. બંનેએ ખૂબ લાડકોડથી દીકરીનું જતન કરેલું. દીકરી ઉંમર લાયક થતાં સારું ઘર શોધવા માતા-પિતાએ પ્રયત્નો શરૂ કર્યા પણ એક દિવસ આ યુવતિએ પોતાના મનગમતા યુવક સાથે કોર્ટ મેરેજ કરી લીધા. માતા-પિતાની પરવાનગી વિના... પિતાને ખૂબ ગુસ્સો ચઢયો પણ લાડકી દીકરીની ઈચ્છાને છેવટે સંમતિ આપી પણ તપાસ કરતાં છોકરો આવારા અને રખડેલ હતો.પિતાએ દીકરીને ઘણું સમજાવી પણ દીકરી પોતાના નિર્ણયમાં મક્કમ હતી. પપ્પા-મમ્મીએ થોડો સમય દીકરીનો ત્યાગ કર્યો... પણ છેવટે માવતર એ માવતર છે... આવા પ્રસંગોમાં વડીલોની વેદના સમજવા કોઈ પ્રયત્ન કરતું નથી. પછી વડીલોએ શા માટે વ્યથા વલોપાત કરી દુઃખી થવું? તમારી વ્યથાને સમજે કોણ? એક યુવતીએ એમ.એડ., પી.એચ.ડી. કર્યું. તેને શૈક્ષણિક ક્ષેત્રે પોતાની કેરીયર બનાવવી હતી પણ તે ઉંમરલાયક થતાં માતા-પિતાએ તેના માટે જ્ઞાતિમાંથી જ મુરતીયો શોધી કાઢયો જે દેખાવમાં સ્માર્ટ હતો. ગર્ભ શ્રીમંત પરીવાર હતો પણ અભ્યાસ ફકત એસ.એસ.સી. પાસ પછી તે પિતાના ધંધામાં જોડાયો. મા-બાપે વિચાર્યું ભલે ભણતર ઓછું હોય પણ દીકરી ક્યારેય દુઃખી નહી થાય.. પણ પોતાની દીકરીને આની જાણ થતાં તેણે આ સંબંધ માટે સ્પષ્ટ ના પાડી અને પિતા ખૂબ ગુસ્સે થયા. આજના છોકરાં પોતાની જાતને શું માની બેઠા છે? વડીલોની કોઈ કિંમત જ નહીં. અમે કંઈ એમના દુશ્મન થોડા છીએ? પરિણામ... બાપ અને દીકરી વચ્ચે સંઘર્ષ... પપ્પાએ દીકરીને સમજાવ્યું કે સમાજમાં સુખી છોકરાઓની અછત છે અને તને પરજ્ઞાતિમાં કોઈ કાળે લગ્ન નહીં કરવા દઉં. તું આવું પગલું ભરીશ તો મારે ઝેર ખાવાનો વારો આવશે. આ સંઘર્ષને જુની પેઢી અને નવી પેઢીનો સંઘર્ષ કહી શકાય? પિતા સમાજમાં ગમે તેટલા પ્રતિષ્ઠિત હોય પણ પિતાની પ્રતિષ્ઠાનો ભાર લઈ સંતાનોએ ફરવાનું? વડીલો આમ કરીને પેટ ચોળીને પીડા ઉભી કરતા હોય એવું ક્યારેક નથી લાગતું? કેટલાક સમાજમાં આજ પણ વહુઓને લાજ કાઢવાનો રીવાજ છે. વહુઓ ગમે તેટલું ભણેલી હોય તેણે સાસુ-સસરાની લાજ કાઢવી પડે.. આવી પ્રથા સામે ઉચ્ચશિક્ષણ પામેલી દીકરી બંડ પોકારે તો તેને વડીલોની અવગણના કરી ગણશે? આવા પ્રસંગે રીવાજો કે પરંપરાનો આગ્રહ વડીલો રાખે તો તેમને કડવા ઘૂંટડા ગળવા પડે કાં તો અપમાનિત થવું પડે તેમાં કોઈ બે મત નથી. વડીલો દુઃખી થઈ એમ વિચારે કે હવે તો સમાજ ખાડે ગયો છે તો તે કેટલું વ્યાજબી છે? કેટલાક પ્રસંગોમાં વડીલો કજાય અનુભવી દૃષ્ટિએ સાચા હોય પણ યુવાનો તમારી વિચારધારા સાથે સંમત ન થાય તો તેમની લાગણી સાથે તાલ મેલ કરવામાં શું ખાટું મોળુ થઈ જવાનું છે? તમે ગમે તેટલા વિરો